# વરસાદી પાણીના તળાવની બહાર રહો

### વરસાદી પાણીના તળાવ અસુરક્ષિત છે!

- વરસાદી તોફાનો વખતે પાણીના સ્તરો ઝડપથી વધી શકે છે.
- વરસાદી પાણી પ્રદુષીત હોય છે અને તરવા કે નૌકાવિહાર કે માછલી પકડવા માટે યોગ્ય નથી.
- કિનારા લપસણા અને અસ્થિર હોઇ શકે છે.

### વરસાદી પાણીના તળાવની નજીક સલામત કેવી રીતે રહી શકાય

- વર્ષના કોઇપણ સમયે વરસાદી પાણીના તળાવમાં ચાલવાનો પ્રયાસ ન કરવો, તરવું નહીં, માછલી પકડવા ન જવું.
- બાળકો અને પાળેલા પ્રાણીઓને કિનારેથી અને પાણીથી દૂર અને બહાર રાખો.
- તળાવની પાસે ચાલતા હો ત્યારે નિયુક્ત કરેલ ટ્રેઇલ પર જ ચાલવું.
- જીવન બચાવવ્ના સાધનો ક્યાથી મળી શકે તે અંગે વાકેફ રહો.
- કોઇપણ ગુમ થયેલ જીવન બચાવવાના સાધનો વિશે 311ને જાણ કરો.

---

# જાહેર પૂલ્સ અને બીચ પર તરો

સિટી ઓફ બ્રૅમ્પટન ખાતે આખા બ્રૅમ્પટનમાં તરણ કુંડો અને સ્પ્લેશ પૅડ ઉપલબ્ધ છે.

**વધુ માહિતી માટે મુલાકાત લો અમારા તરણના વેબપેજની મુલાકાત લો**

મને સ્કૅન કરો



311

**brampton.ca**

BRAMPTON

# વરસાદી પાણીના તળાવની સુરક્ષા

**વરસાદી પાણીના તળાવ તમને, તમારા ઘરને, તમારા પાડોશને અને પર્યાવરણને વહી ગયેલ સ્ટોર્મવોટરથી થતા નુકસાનથી બચાવે છે.**

## વરસાદી પાણીના તળાવ શું છે?

- તેમાં પાસેના ઘરો, માર્ગો, ડ્રાઇવવે અને પાર્કિંગ લોટ્સમાંથી નીકળતા વરસાદી પાણીના વહેણ અને પીગળતા હિમને એકત્રિત કરે છે.
- તળાવમાં જતા વરસાદી પાણીના વહેણ અને પીગળતો સ્નો માર્ગના લવણ (મીઠું), રેતી, પાળેલા પ્રાણીની વિષ્ટા, પાંદડા, એન્ટિફ્રીઝ, મોટર ઓઇલ, ડિટર્જન્ટ અને કચરાને લેતો જાય છે.
- તળાવના તળિયે પ્રદુષકો વહેણ સાથે આવીને સ્થાયી થઈ શકે છે.
- તળાવની ટોચના સ્તરે રહેલું સ્વચ્છ પાણી આપણી નદીઓ અને નાળાઓમાં છોડવામાં આવે છે.
- વરસાદી પાણીના તળાવો પાણીને ધીમેથી છોડવાનું કામ કરે છે જેથી પૂર અને ધોવાણને નિવારી શકાય.
- વૃક્ષો, ઝાડીઓ, પ્રાકૃતિક વિસ્તારો, ચાલવાની પગદંડીઓ અને બેઠકના પ્લેટફોર્મ વરસાદી પાણીના તળાવની કુદરતી સુંદરતામાં વધારો કરે છે જેથી રહેવાસીઓ અને મુલાકાતીઓ દૃશ્યનો આનંદ માણી શકે.

## સિટી આ બાબતે શું કરે છે?

**તમારા અને પર્યાવરણના રક્ષણ માટે સિટી ઓફ બ્રૅમ્પટનમાં 180 કરતા વધુ વરસાદી પાણીના તળાવો છે. સિટી આ તળાવોને આ રીતે જાળવે છે:**

- રગડો દૂર કરવો
- સલામતી હોય ત્યારે તળાવની આસપાસથી કચરો દૂર કરવો
- આક્રમક ગણાતા ઝાડપાન દૂર કરવા
- ગેટ અને વાલ્વ જેવા માળખા જાળવી રાખવા
- આસપાસના ઝાડપાન અને છોડને જાળવવા
- ઝાડપાનની અવેજી શોધવી
- ધોવાણ નિવારવા માટે કિનારાઓને સ્થિર કરવા
- તળાવો પર દેખરેખ રાખવી

## તમે શું કરી શકો?

- સંકેતોનું પાલન કરો
- વરસાદી પાણીના તળાવોની બહાર રહો અને દૂર રહો
- કિનારાઓની રેખાથી દૂર રહો
- કોઇ પણ આપાત્કાલના કિસ્સામાં, 911 ઉપર કૉલ કરો
- iOs અને એન્ડ્રોઇડ માટેની what3words મફત મોબાઇલ ઍપ ડાઉનલોડ કરો.

**મને સ્કૅન કરો**

